નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 29/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કોટન ડ્રેસ મટીરીયલ અને કોટન કટપીસ - ધમાકેદાર સેલ શરૂ !

## તારીખ 1 જુન થી 7 જૂન 2026

## સમય - સવારે 8 થી સાંજે 8







ગરમીની સિઝન માટે એકદમ
આરામદાયક અને ટ્રેન્ડી પ્યોર કોટન, જામ કોટન, અને
બાંધણી ડ્રેસ મટીરીયલનું નવું કલેક્શન હવે સેલમાં!

**ખાસિયતો**

- ૧૦૦% પ્યોર અને પ્રીમિયમ ક્વોલિટી કોટન
- લેટેસ્ટ પ્રિન્ટ્સ અને કલર ગેરંટી
- ઓફિસ, રેગ્યુલર અને ફેસ્ટિવલ વેર માટે ઉત્તમ

**સરનામું / ઓર્ડર માટે**

જૈન દેરાસરની બાજુમાં મેઈન રોડ ટાવર વાળી જગ્યા
મુ. પિયાવા, તા. સાવરકુંડલા
મો. 99253 73321 / 99745 95282

**સ્ટોક લિમિટેડ છે, તો મોડું ન કરતા!**

તારીખ : 29/05/2026

# ગુજરાત રાજ્યસભાની આગામી ચાર બેઠકોની ચૂંટણીમાં રઘુવંશી લોહાણા સમાજને પ્રતિનિધિત્વ આપવા માગણી

ગુજરાત લોહાણા સમાજ ફોરમના ઉપપ્રમુખ તેમજ સાવરકુંડલા લોહાણા મહાજનના ટ્રસ્ટી અને સાવરકુંડલા વેપારી મહામંડળના કાર્યકારી પ્રમુખ, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન-૪ ના ચેરમેન શ્રી રાજુભાઈ શિંગાળાએ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માને પત્ર લખી આગામી તારીખ ૮ જૂનના રોજ યોજાનારી ગુજરાત રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીમાં રઘુવંશી લોહાણા સમાજને પ્રતિનિધિત્વ આપવા પ્રબળ માગણી વ્યક્ત કરી છે.પત્રમાં તેમણે ઉલ્લેખ કર્યો છે કે ગુજરાતભરમાં અંદાજે ૨૫ લાખથી વધુ વસ્તી ધરાવતા રઘુવંશી લોહાણા સમાજે વર્ષોથી વેપાર, ઉદ્યોગ, સેવા, ટેકનોલોજી તેમજ આર્થિક વિકાસના ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશ-વિદેશમાં પણ વેપારી સાહસિક સમાજ તરીકે રઘુવંશી સમાજની આગવી ઓળખ અને પ્રતિષ્ઠા છે.વધુમાં તેમણે જણાવ્યું છે કે સમાજ ભૌગોલિક રીતે કોઈ એક વિસ્તારમાં કેન્દ્રિત ન હોવાથી તેની રાજકીય સંખ્યાશક્તિની પૂરતી નોંધ લેવામાં આવતી નથી, જેના કારણે સમાજમાં રાજકીય પ્રતિનિધિત્વ બાબતે લાગણી જોવા મળી રહી છે. હાલ ગુજરાત વિધાનસભામાં ભાજપ તરફથી માત્ર એક જ રઘુવંશી લોહાણા ધારાસભ્ય ચૂંટાયેલા છે, જે સમાજની વિશાળ વસ્તી સામે ખૂબ ઓછું પ્રતિનિધિત્વ ગણાય છે.શ્રી રાજુભાઈ શિંગાળાએ પત્રમાં સ્પષ્ટપણે રજૂઆત કરી છે કે ગુજરાત રાજ્યસભાની ચાર બેઠકો પૈકી એક બેઠક પર રઘુવંશી લોહાણા સમાજના યોગ્ય, લાયક અને સેવાભાવી



આગેવાનને ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવશે તો સમગ્ર ગુજરાત સહિત દેશ-વિદેશમાં વસતા રઘુવંશી સમાજમાં ભાજપ પ્રત્યેનો વિશ્વાસ અને રાજકીય જોડાણ વધુ મજબૂત બનશે.સમાજ વર્ષોથી ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારા સાથે સક્રિય રીતે જોડાયેલો રહ્યો છે અને વિવિધ ચૂંટણીઓમાં ભાજપને સતત સમર્થન આપતો આવ્યો છે ત્યારે રાજ્યસભામાં સમાજને પ્રતિનિધિત્વ મળવું સમયની માંગ અને ન્યાયસંગત લાગણી હોવાનું તેમણે જણાવ્યું છે.તેમ અમરેલી જિલ્લા રઘુવંશી સમાજના મીડિયા કન્વીનર પ્રકાશભાઈ કારીયા ની અખબારી યાદી મા જણાવેલ છે.

તારીખ : 29/05/2026

# સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લામાં ઈદ-ઉલ-અઝહાની શાંતિપૂર્ણ ઉજવણી



28 મે 2026 ગુરુવારના રોજ સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લામાં બકરી ઈદની વિશેષ નમાજ બાદ દેશ-દુનિયામાં શાંતિ, સુખાકારી અને સૌહાર્દ માટે દુઆઓ માંગવામાં આવી હતી. નમાજ પૂર્ણ થતાં જ લોકોએ એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવી ભાઈચારો અને પ્રેમનો સંદેશ આપ્યો હતો.

જરૂરિયાતમંદ લોકોની મદદ માટે સેવાકીય પ્રવૃત્તિઓ પણ હાથ ધરાઈ હતી. સમાજના આગેવાનો મુજબ ઈદ-ઉલ-અઝહા ત્યાગ, કુરબાની અને માનવતાનુંપ્રતિક માનવામાં આવે છે. સમગ્ર સાવરકુંડલા સહિત અમરેલી જિલ્લામાં બાબરા, બગસરા, ખાંભા,જાફરાબાદ,રાજુલા, દામનગર લાઠી સહિત અમરેલી શહેરમાં તહેવાર દરમિયાન શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણ રહ્યું હતું.

તારીખ : 29/05/2026

# 'જૈન સાધુ-સાધ્વીજીને ટાર્ગેટ કરી હત્યા કરવામાં આવે છે':સુરતમાં જૈન સમાજ રસ્તા પર ઉતર્યો, MP-ગુજરાતમાં 9 દિ'માં 3 પદવિહારી કાળધર્મ પામ્યા, સુરક્ષાની માગ








સમગ્ર દેશમાં અહિંસા, કરુણા અને શાંતિનો સંદેશ ફેલાવતા જૈન સંતો તેમજ સાધ્વીજીઓની સુરક્ષાને લઈને હાલ સમગ્ર જૈન સમાજમાં ભારે ચિંતા અને આક્રોશનો માહોલ છે. તાજેતરમાં મધ્યપ્રદેશના રેવા અને ગુજરાતના ચોટીલા પાસે પગપાળા વિહાર કરી રહેલા જૈન સંતો અને સાધ્વીજીઓના માર્ગ અકસ્માતમાં થયેલા આકસ્મિક અને કથિત સુનિયોજિત મૃત્યુના વિરોધમાં સુરત મહાનગરના સમસ્ત જૈન સમુદાય દ્વારા એક વિશાળ અને ભવ્ય મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીના માધ્યમથી સુરતનો જૈન સમાજ દેશભરમાં વિહાર કરતા સાધુ-સંતોની સુરક્ષા માટે કેન્દ્ર સરકાર પાસે કડક અને વિશેષ કાયદો બનાવવાની તેમજ અકસ્માત સર્જનારા દોષિતોને ફાસ્ટ-ટ્રેક કોર્ટ દ્વારા સખત સજા અપાવવાની માંગ કરી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી દેશના વિવિધ રાજ્યોના હાઈવે પર વિહાર કરી રહેલા જૈન સંતો સાથે હિટ એન્ડ રનની અને જીવલેણ અકસ્માતોની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. તાજેતરમાં બનેલી બે મોટી ઘટનાઓએ સમગ્ર જૈન શાસનને હચમચાવી દીધું છે, જેને કારણે સમાજ રસ્તા પર ઉતરવા મજબૂર બન્યો છે. શિસ્તબદ્ધ મૌન રેલી અને કલેક્ટર કચેરીએ રજૂઆત ધાર્મિક અને સામાજિક કાર્યોમાં હંમેશાં અગ્રેસર રહેતા સુરત મેટ્રોપોલિટન વિસ્તારના તમામ જૈન સંગઠનો અને ચારેય ફિરકાઓ આ મુદ્દે એક થઈ ગયા હતા. સવારે નવ વાગ્યે પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા સરગમ શોપિંગ સેન્ટર ખાતે હજારોની સંખ્યામાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ શ્વેત વસ્ત્રો ધારણ કરીને એકત્રિત થયા હતા. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંત અહિંસાને વરેલો આ સમાજ કોઈપણ પ્રકારની નારાબાજી કે ઘોંઘાટ વગર, અત્યંત શિસ્તબદ્ધ રીતે મૌન પાળીને આગળ વધ્યો હતો. આ મૌન રેલી પાર્લે પોઈન્ટથી શરૂ થઈને અઠવાલાઈન્સ સ્થિત કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. રેલીમાં જોડાયેલા લોકોના હાથમાં સાધુ-સંતોની સુરક્ષાની માંગ કરતા બેનરો અને પ્લેકાર્ડ્સ જોવા મળ્યા હતા. છેલ્લા નવ દિવસમાં બનેલી બે ઘટનાથી આક્રોશ પ્રથમ ઘટના: 20 મે, 2026ના રોજ આચાર્ય ભગવંત શ્રી વિદ્યાસાગર જી મહારાજના પરમ શિષ્યા અને દિગંબર જૈન સમુદાયના અગ્રણી સાધ્વીજી શ્રુતમતી માતાજી તથા ઉપશમ માતાજી મધ્યપ્રદેશના રેવા વિસ્તારમાં પગપાળા વિહાર કરી રહ્યા હતા, ત્યારે એક શંકાસ્પદ માર્ગ અકસ્માતમાં બંને સાધ્વીજીઓ કાળધર્મ પામ્યા હતા. જૈન સમાજનો આક્ષેપ છે કે આ માત્ર સામાન્ય અકસ્માત નથી, પરંતુ તેની પાછળ કોઈ ઊંડું ષડયંત્ર છે. બીજી ઘટના: ગઈકાલે 28 મેએ ચોટીલા હાઈવે નજીક વિહાર કરી રહેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પૂજ્ય પંન્યાસ શ્રી ઓમકારશેખર વિજય જી મહારાજ પણ એક ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બન્યા અને તેમનું પણ કરુણ અવસાન થયું. એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં દિગંબર અને શ્વેતાંબર સમાજના આટલા મોટા સંતોના મૃત્યુ થતાં જૈન સમાજની ધાર્મિક લાગણીઓ દુભાઈ છે. 'ટાર્ગેટ કરી ષડયંત્ર રૂપે જૈન સાધુ-સાધ્વીઓની હત્યા કરવામાં આવે છે' જૈન સમાજના અગ્રણી હિતેશકુમાર જૈને આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, એવા ક્ષેત્રોમાં ટાર્ગેટ કરીને ષડયંત્ર રૂપે જૈન સાધ્વીઓ, સાધુ ભગવંતોની હત્યા કરવામાં આવે છે, જે અત્યંત નિંદનીય છે. રેવા અકસ્માતના આરોપીઓ ભલે પકડાઈ ગયા હોય, પણ તેની પાછળ રહેલા મુખ્ય ષડયંત્રકારીઓનો પર્દાફાશ થવો જરૂરી છે. ચોટીલામાં પંન્યાસ ઓમકારશેખર સુરીશ્વરજી મહારાજ સાહેબની જે એક્સિડન્ટ રૂપે પણ હત્યા થઈ છે, એ પણ ખૂબ નિંદનીય છે. સમગ્ર જૈન સમાજ વતી સરકાર સમક્ષ મુખ્ય બે માંગ ભારતભરમાં પગપાળા વિહાર કરતા તમામ સાધુ, સાધ્વી, સંતો અને મહંતોને સંપૂર્ણ સંરક્ષણ પૂરું પાડતો એક વિશેષ કેન્દ્રીય કાયદો બનાવવામાં આવે. સંતોના અકસ્માત અને હત્યા પાછળ સંમિલિત તમામ દોષિતો સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને તેમને ફાંસી જેવી સખતમાં સખત સજા આપવામાં આવે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 29/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# જય સોમનાથ ટ્રાવેલ્સ

## પ્રવાસી જનતા ના સાથ સહકાર થી આજરોજ 11 વર્ષ પુરા કરી 12 માં વર્ષ માં મંગલ પ્રવેશ

## સાવરકુંડલા થી મુન્દ્રા વાયા માંડવી, ભુજ, અંજાર, ગાંધીધામ, આદિપુર, શામખીયાળી, મોરબી, રાજકોટ

**2x1સ્લીપર બસ**

: બુકિંગ માટે એકમાત્ર સ્થળ :

## ઓપેરા ટ્રાવેલ્સ,

રિદ્ધિ સિદ્ધિનાથ મહાદેવ મંદિરની બાજુમાં, સાવરકુંડલા,

મો. 9714418777/9722995454
9974545888

**નોંધ : અમારી અન્ય કોઈ ઓફિસ નથી.**

ફ્રે.ડે. NEWS

તારીખ : 29/05/2026

# અમરેલીમાં નિવૃત્ત શિક્ષક દ્વારા બિલા નું શરબત બનાવી નિઃશુલ્ક વિતરણ

દિવસે ને દિવસે ગરમીનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે ત્યારે ઠંડી વસ્તુઓ આયુર્વેદિક વસ્તુઓ શરબત બિલા નું શરબત જે ખૂબ રાહત અને ઠંડક આપે છે ત્યારે અમરેલીના એક નિવૃત શિક્ષક અને સર્પવિંદ ૪૪ ડિગ્રી તાપમાનમાં જાતેજ બિલ્લી ના ઝાડ ઉપરથી બિલા તોડી લાવી સવારમાં જાતેજ તેનું સરબત બનાવી પોતાની જ બાઈક ઉપર દરરોજ સાતથી આઠ કિલોમીટર ગામમાં ફરી લોકોની આંતરડી ઠારવાની સેવાનું નિશુલ્ક ભગીરથ સેવાકાર્ય સાથે છેલ્લા ૪૦ વર્ષથી પોતાનાજીવના જોખમે કોબ્રા જેવા પ્રાણઘાતક સર્પોનું રેસ્ક્યુ કરી સાપને સલામત સ્થળે છોડી લોકોના જીવ બચાવી અનેરી સેવા કરી રહેલ છે.પ્રાપ્ત વિગત મુજબ આજે અમરેલીના ચિતલ રોડ ઉપર એક્ટિવા ઉપર એકભાઈ નિઃશુલ્ક સરબત પાઈ રહેલ હતા તેમનું નામપૂછતા બાબુભાઈ બચુભાઈ ડાભી નિવૃત શિક્ષક હોવાનું જણાવેલ હતું તેઓ દર ઉનાળાની કારમી ગરમીમાં અહીંતહીં ભટકી બિલીના ઝાડ શોધી તેની ઉપરના બીલીના ફળ (બિલા) તોડી લાવી સવારમાં ઘરેજ જાતે તેનું જયુસ (સરબત) બનાવી નાની નાની બોટલોમાં ભરી જરૂરતમંદોને નિઃશુલ્ક જાતેજ પોતાની એક્ટિવા ઉપર જઈને રૂબરૂ પાઈ આવતા હતા વ્યવસાયે નિવૃતશિક્ષક એવા આ સેવાભાવી વ્યક્તિ સર્પવિદ પણ છે આખા અમરેલી શહેરમાં કોઈ પણ જગ્યાએ સાપ નીકળે એટલે લોકો તરતજ શ્રી ડાભીને યાદ કરે.

શ્રી ડાભીએ હજારો નહીં પણ લાખો સર્પ નું રેસ્ક્યુ કરી સેકડો લોકોને સર્પના ડર માંથી મુક્ત



કરેલ હતા. સર્પને પકડવા જતા એકવાર ઝેરી સર્પકોબ્રાએદંશ મારી દેતા પોતાની જાતેજ બ્લેડ વડે દંશ ઉપર કાપો મારી લોહી કાઢીને તાત્કાલિક સારવાર માટે દોડી જતા કોબ્રા નું ઝેર શરીરમાં ચડતા અટકી જતા બચી ગયેલ હતા. જીવને જોખમમાં મુકી આજે પણ જાહેર સ્થળો કે લોકોના ઘરમાંથી સાપને પકડી જાતેજ સલામત સ્થળે છોડી આવે છે છેલ્લા ચાલીસ વર્ષથી પોતાના જીવને જોખમમાં મૂકી પારકાના જીવ બચાવવા મોઘા ભાવનું પોતાની ગાડીનું પેટ્રોલ બાળી લોકોને સર્પ ના દંશ થી બચાવી અનેરી સેવા કરી રહેલ છે.ત્યારે અમરેલીમાં શ્રી ડાભી દ્વારા બિલ્વ શરબત જાતે બનાવી લોકોને અપાતી વિનામૂલ્યે વિતરણ સેવા ખરેખર પ્રશંસનીય છે.

તારીખ : 29/05/2026
નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# એડમીશન ઓપન

કાર્યક્ષેત્ર : ધો. 8 થી 12 / કોમર્સ - આર્ટસ
F.Y, S.Y, T.Y, B.Com, M.Com, MBA

:: બધાજ વિષયોના ::
ઓફલાઈન/ઓનલાઈન ટયુશન કલાસીસ

## Career Plus Teaching Point

વિશ્વાસ અને શ્રેષ્ઠ પરિણામ એ જ અમારી કલાસીસ ઓળખ છે
છેલ્લા 21 વર્ષથી સાવરકુંડલાના આંગણે કાર્યરત જયા અમે
માત્ર ભણાવતા નથી પણ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડીએ છીએ..
અમારી ગૌરવશાળી સિધ્ધીઓ :

સાવરકુંડલાના એક માત્ર એવા કલાસીસ જયા
50 થી વધુ એકાઉન્ટ અને આંકડાશાસ્ત્ર વિષયમાં
100 માં થી 100 ગુણની સિધ્ધી પ્રાપ્ત કરી
ઈતિહાસ રચ્યો છે. શ્રેષ્ઠ માર્ગદર્શન અને સખત
મહેનતનો સંગમ એટલે કેરીયર પ્લસ ટયુશન કલાસીસ

અમારી વિશેષતા ::::
- ઓનલાઈન / ઓફલાઈન ટયુશન કલાસીસ
- લાઈવ કલાસની સાથે
  વિડીયો રેકોડીંગ કલાસની સુવિધા
- કોઈ વિદ્યાર્થી કોઈ કારણસર ગેરહાજર હોઈ
  તો અભ્યાસથી વંચિત ન રહે,
  ગમે ત્યારે તે ઘરબેઠા રિવીઝન કરી શકે.
- સ્માર્ટ બોર્ડ સાથેના કલાસીસ

ધોરણ 10 માં
વિદ્યાર્થીઓને
A1/A2 ગ્રેડ મેળવનારને
ધોરણ 11 માં
50% ફી માફ

:: વધારે માહિતી માટે સંપર્ક ::
બંસીધર, સાહિબ સ્વીટની સામે, દેવળાગેઈટ, સાવરકુંડલા
મો. 9054412212

તારીખ : 29/05/2026

# અમરેલીમાં કવિ રમેશ પારેખ સ્થાપિત 'મુદ્રા' સંસ્થાનો ભવ્ય પુનઃ પ્રારંભ

## મૂર્ધન્ય કવિઓએ 'શબ્દ પર્વ-૧' માં અમરેલીના શ્રોતાઓને કાવ્યરસમાં તરબોળ કર્યા









યુગંધર કવિશ્રી રમેશ પારેખ દ્વારા સ્થાપિત સાહિત્યિક સંસ્થા 'મુદ્રા'નો પુનઃ પ્રારંભ ગત રવિવારના રોજ અમરેલીના આંગણે કાવ્યાત્મક માહોલમાં સંપન્ન થયો. પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત 'સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ' દ્વારા મુદ્રાનું સંચાલન કરવામાં આવશે. ગુજરાતી સાહિત્યમાં અમરેલી કેવળ ભૌગોલિક સ્થાન નથી પણ ભાવનાત્મક કેન્દ્રસ્થાને છે. આ શહેરનું વાતાવરણ કવિઓ અને સર્જકો માટે પોષક બની રહ્યું છે અને સાહિત્યમાં 'અમરેલી ઘરાના' તરીકે સુખ્યાત થયું છે. અમરેલી ઘરાનાને પુનઃ ચેતનવંતુ બનાવવા આ ઉપક્રમની શરૂઆત કરવામાં આવી છે.અમરેલીના દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલા આ ગરિમાપૂર્ણ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના માનનીય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી રાજકોટના માનનીય સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ 'મુદ્રા' સંસ્થાના પુનઃપ્રારંભને સાહિત્ય જગત માટે એક ઐતિહાસિક ઘટના ગણાવી હતી. શ્રીમતી રસિલાબેન રમેશભાઈ પારેખની વિશેષ ઉપસ્થિતિમાં કવિ શ્રી વિનોદ જોશી દ્વારા કવિ શ્રી રમેશ પારેખની કવિતાઓની વિશેષતા વિશે વાત કરવામાં આવી તેમજ ભાવક શ્રેષ્ઠ શ્રી છેલભાઈ વ્યાસ દ્વારા મુદ્રાના સંસ્મરણો તાજા કરવામાં આવ્યા.

મુંબઈના સંગીતકાર શ્રી સુરેશ જોશીએ પ્રારંભે હરિગીત ગાન દ્વારા માહોલને કાવ્યમય બનાવ્યો હતો. મુદ્રાના પુનઃપ્રારંભનો વિચાર અને સંસ્થાના કાર્યો વિશે સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુદ્રાના સંવાહક શ્રી પ્રણવ પંડ્યાએ વક્તવ્યમાં વિગતે વાત કરી. કાર્યક્રમની પ્રથમ બેઠકનું સંચાલન ટ્રસ્ટી - કવયિત્રી શ્રી કિંજલ જોષી દ્વારા કરવામાં આવ્યું.શબ્દપર્વની દ્વિતીય બેઠકમાં ગુજરાતના મૂર્ધન્ય કવિઓએ પોતાની ઉત્તમ રચનાઓ રજૂ કરીને કાવ્યહેલી વરસાવી હતી. જેમાં આદરણીય કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ,કવિ શ્રી વિનોદ જોશી, કવિ શ્રી મનોહર ત્રિવેદી, કવિ શ્રી અરવિંદ ભટ્ટ અને કવિ શ્રી ભાવેશ ભટ્ટની પ્રસ્તુતિએ શ્રોતાઓની ભરપૂર દાદ મેળવી હતી. કવિ સંમેલનનું સંચાલન જાણીતા સંચાલક - કવિ શ્રી મિલિંદ ગઢવીએ પોતાની આગવી અને રસપ્રદ શૈલીથી કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.વિશેષ અતિથિઓમાં રાજકોટથી ફૂલછાબ અખબારના તંત્રી શ્રી જ્વલંત છાયા, શિક્ષણવિદ શ્રી ભદ્રાયુ વચ્છરાજાની, કટાર લેખક આર.પી.જોશી, રંગકર્મી રાજુ યાજ્ઞિક, કવિ શ્રી ભાર્ગવ ઠાકર, ડૉ. ભરત કાનાબાર, વિશ્વ હિંદુ પરિષદના ડૉ. ગજેરા, ભાવનગરથી શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશી, કવિતાકક્ષ સંસ્થાના સભ્યો, સર્વોદય સંસ્થાના શ્રી મંદાકિનીબેન પુરોહિત, અમરેલીના રાજકીય - સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા. અમરેલીના કાર્યક્રમને સફળ બનાવવા માટે સત્ય પ્રેમ કરુણા ટ્રસ્ટ વતી પ્રણવ પંડ્યા, હરેશભાઈ મહેતા, પ્રા. દિવ્યકાંત સૂચક, કિંજલ જોષી, કવિ શ્રી હરેશ વડાવીયા, શ્રી અશોક ખાચર, ગોપાલ ધકાણ, હર્ષિત સોનીએ ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા બદલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના તમામ સાહિત્યપ્રેમીઓ અને નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તારીખ : 29/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- ☑ દર વર્ષે ૧૦૦% પરિણામ
- ☑ અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- ☑ અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- ☑ સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- ☑ દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

## સંપર્ક: 9376245177 /9033321323

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

કે.ડી. NEWS

તારીખ : 29/05/2026

## ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સંચાલીત

# પ્રભુ નો પ્રસાદ



આજરોજ પ્રભુ નો પ્રસાદ માટે ૧૫ મણ ઘઉં નુ અનુદાન મનસુખભાઈ લાડવા (નિવૃત કર્મચારી જી.ઈ.બી) કરેલ છે. દરરોજ પ્રભુ નો પ્રસાદ એ જાહેર સ્થાન ઉપર ભિક્ષુક લોકો (પ્રભુ ના માણસ) ને ભોજન આપવાનું કાર્યં દરરોજ કરે છે. પ્રભુ નો પ્રસાદ 15 મણ ઘઉં નુ અનુદાન આપવા માટે દાતા શ્રી મનસુખભાઈ લાડવા નો સંસ્થા આપનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે...

# Std. 6,7,8 & 9
## (All Subjects)

# ધમલસર

## ઇંગ્લીશ મિડીયમ માટે નવી બેચ તા. 1/6/26 થી શરૂ થઇ રહી છે.

નીચેના નંબર ઉપર રજીસ્ટ્રેશન કરવું...

ધમલસર - મો. 99782 23659

& વિરાજ મેડમ

તારીખ : 29/05/2026

# સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA) ની બેઠક યોજાઈ

અમરેલી તા.૨૯ મે, ૨૦૨૫ (શુક્રવાર) - અમરેલી સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ કો-ઓર્ડિનેશન અને મોનિટરિંગ કમિટી (DISHA)ની બેઠક યોજાઈ હતી. અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાએ કેન્દ્ર સરકાર સંચાલિત જનકલ્યાણકારી યોજનાઓ, અભિયાનો અને વિકાસ કાર્યો અન્વયે થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. સાંસદશ્રીએ, જિલ્લામાં સામાજિક અને આર્થિક ઉત્કર્ષ માટે નાગરિકો માટે થયેલા વિકાસ કાર્યો માટે અભિનંદન પાઠવી હજી વધુ સારા કાર્યો કરવા ઉપરાંત છેવાડાના લાભાર્થી સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે અનુરોધ કર્યો હતો. કેન્દ્ર સરકારની યોજનાઓ અને પ્રકલ્પો વધુ પ્રભાવી રીતે નાગરિકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પણ સાંસદશ્રીએ પૂરું પાડ્યું હતું. સાંસદશ્રીએ, નાગરિકોને નાના ઉદ્યોગ માટે સરળતાથી લોન મળી રહે માટે જરૂરી સૂચનાઓ અને નિર્દેશ આપ્યા હતા. આ ઉપરાંત બી.એસ.એન.એલ નેટવર્ક, રેલવે, વીજળી, રોડ-રસ્તા રિસર્ફેસિંગ સહિતના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ કચેરીઓના વડાશ્રીઓ સાથે પરામર્શ કર્યો હતો. જિલ્લામાં ભૌતિક સુવિધાઓ થકી જનસુખાકારીમાં વધારો થાય તે માટે સાંસદશ્રીએ સૂચન કર્યું હતું. આ બેઠકમાં મનરેગા, દીનદયાળ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી, રાષ્ટ્રીય કૃષિ તથા પરંપરાગત કૃષિ વિકાસ યોજના, આત્મા, સ્વામિત્વ યોજના, રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન, સ્વચ્છ ભારત મિશન, નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ, નેશનલ પ્રોગ્રામ ફોર ડેરી ડેવલોપમેન્ટ, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, સેફ્ટી એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન, બેટી બચાવો બેટી પઢાવો, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, નેશનલ હેલ્થ મિશન નેશનલ ટ્યુબર કલોસીસ એલિમિનેશન પ્રોગ્રામ, સમગ્ર શિક્ષા, પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સુગમ્ય ભારત અભિયાન, નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ, ખેલો ઈન્ડિયા 2.0 સહિતની પ્રજાલક્ષી યોજનાઓ અને અભિયાનોના લક્ષ્યાંક સામે સિદ્ધિઓની સમીક્ષા કરી હતી. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં કામગીરી સારી રીતે આગળ ધપી રહી છે. સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.જે.જાડેજાએ પણ પ્રજાકીય પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી સૂચનો કર્યા હતા. આ બેઠકનું સંચાલન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રીએ કર્યું હતું. આ બેઠકમાં અમરેલી નગરપાલિકા પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના સંબંધિત સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયત અને નગરપાલિકા સભ્યશ્રીઓ, પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ સહિત જિલ્લા વહીવટી તંત્રના સંલગ્ન અધિકારીશ્રીઓ અને કર્મયોગીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.








## અમરેલી જિલ્લામાં કેન્દ્ર સરકાર સંચાલિત જન કલ્યાણકારી યોજનાઓ અને અભિયાનોની સર્વગ્રાહી સમીક્ષા કરતાં સાંસદશ્રી

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 29/05/2026

# આજે ગુજરાત અને રાજસ્થાન વચ્ચે મુકાબલો જે જીતશે તે બેંગલુરુ સામે ફાઈનલમાં...



29 મે 2026 શુક્રવારના રોજ IPL 2026 ની ક્વોલિફાયર-૨ (Qualifier-2) મેચમાં ગુજરાત ટાઈટન્સ (GT) અને રાજસ્થાન રોયલ્સ (RR) વચ્ચે મુકાબલો છે. ન્યુ ચંદીગઢના સ્ટેડિયમ ખાતે સાંજે ૭:30 વાગ્યાથી શરૂ થનારી આ મેચમાં જે ટીમ વિજયી બનશે, તે ૩૧ મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (R C B) સામે ટકરાશે.રાજસ્થાન રોયલ્સની ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદને એલિમિનેટરમાં હરાવીને અહીં સુધી પહોંચી છે, જ્યારે ગુજરાત ટાઈટન્સ ક્વોલિફાયર-૧ માં બેંગલુરુ સામે હારીને ક્વોલિફાયર-૨ રમી રહી છે.

K/D NEWS

# અમેરિકામાં 250 ડોલરની નોટ પર ટ્રમ્પની તસવીર: 150 વર્ષ જૂનો નિયમ બદલવાની તૈયારી, સંસદની મંજૂરી બાકી




ટ્રમ્પ સરકારનું કહેવું છે કે જો કોંગ્રેસ (સંસદ) કાયદો બદલી નાખે, **તો નવી નોટ છાપવાનો રસ્તો સાફ થઈ જશે.**

**2026**માં અમેરિકાની સ્થાપનાના 250 વર્ષ પૂરા થશે. આ પ્રસંગે તે સમયના રાષ્ટ્રપતિની તસવીરવાળી સ્મારક નોટ જાહર કરવામાં કંઈ ખોટું નથી.

## વોર્શિંગ્ટન પોસ્ટના રિપોર્ટ અનુસાર

- ટ્રમ્પ પ્રશાસને અમેરિકી ચલણ છાપંતી એજન્સી BEP ને નવી નોટની ડિઝાઈનિ તૈયાર કરવાનો નિર્દશ આપ્યા છે.
- પ્રસ્તાવિત ડિઝાઈનમાં ટ્રમ્પની તસવીર નોટની વચ્ચે રાખવામાં આવી છે.

## રિપબ્લિકન સાંસદ વિલ્સને રજૂ કર્યું હતું બિલ

- ટ્રમ્પની તસવારવાળો 250 ડોલરની નોટનો પ્રસ્તાવ ગયા વર્ષે સાંસદ જો વિલ્સને રજૂ કર્યો હતો.
- ફેબ્રુઆરી 2025માં આ બિલને હાઉસ ફાઈનાન્મ્યિલ સર્વિસિસ કમિટી પાસે મોકલવામાં આવ્યું હતું.
- હવે તેને કાયદો બનવા માટે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ અને સેનેટ બંનેની મંજૂરી લેવી પડશે.

## આ પહેલા માર્ચમાં જાહેરાત

- અમેરિકી નોટો પર ટ્રમ્પની સહી ઉમેરવામાં આવશે.
- તેને અમેરિકાની 250મી વર્ષગાંઠ સમારોહ સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.
- BEP પ્રસ્તાવને લઈને પ્રારંભિક તૈયારી અને તપાસ કરી રહી છે.
- કાયદો પસાર થાય, તો ટ્રમ્પની ઉપલબ્ધિઓને સન્માન આપવા માટે આ નોટ જાહેર થશે.

## દાવો- ટ્રમ્પે પોતે ડિઝાઈનના સૂચનો આપ્યા

કલાકાર ઈયાન એલેઝાન્ડરે દાવો કર્યો છે કે ટ્રમ્પે ડિઝાઈન જોઈ અને તેમાં કેટલાક ફેરફારો સચવ્યા. ટ્રમ્પે ઈચ્છ્યું કે નોટમાં અમેરિકી ધ્વજના રંગ અને અમેરિકાની 250મી વર્ષગાંઠનો ખાસ લોગો પણ સામેલ કરવામાં આવે.

## નવી નોટ છાપવામાં 6-8 વર્ષ લાગી શકે છે

- નવી નોટ બહાર પાડવી સરળ નહીં હોય.
- તેને તૈયાર કરવામાં અને બજારમાં લાવ્વામાં 6 થી 8 વર્ષ સુધીનો સમય લાગી શકે છે.
- BEP ના અધિકારીઓન અનૂસાર, નવી હાઈ-વેલ્યુ નોટ બહાર પાડવાનાં માર્ગમાં ઘણી કાનૂની અને તકનીકી પડકારો છે.
- ડિઝાઈન, મંજૂરી અને પ્રિન્ટિંગની સંપૂર્ણ પ્રક્રિયાં સામાન્ય રીતે 6 થી 8 વર્ષ લાગે છે.
- હાલમાં આવી નોટ બહાર પાડવાની મંજૂરી નથી.
- તમામ સંલલિત સરકારી એજન્સીઓ વચ્ચે બેઠક પણ હજુ સુધી થઈ નથી.
- હસ્તાક્ષરવાળી 100 ડોલરની નોટો છાપવામાં આવશે, જે અમેરિકી ઈતિહાસમાં પહેલીવાર હશે.

6-8 વર્ષ


## અમેરિકી કરન્સી પર જીવિત વ્યક્તિની તસવીર કેમ છપાતી નથી?

- 1866 થી અમેરિકી કાયદો જીવંત વ્યક્તિની તસવીર છાપવા પર પ્રતિબંધ મૂકે છે.
- આ નિયમ સત્તાના દુરપયોગ અને વ્યક્તિપૂજા રોકવા માટે બનાવવામાં આવ્યો હતો.
- અમેરિકી નોટો પર સામાન્ય રીતે પૂર્વ રાષ્ટ્રપતિઓ અને ઐતિહાસિક હસ્તીઓની તસવીર હોય છે.
- નવી કરન્સી ડિઝાઈન અને પ્રિન્ટિંગ પ્રક્રિયામાં ઘણા વર્ષાં લાગે છે.

★ **આ પ્રસ્તાવને લઈને અમેરિકામાં રાજકીયે અને કાનૂની ચર્ચા તેજ બની શકે છે.**
સમર્થકો તેને અમેરિકાની 250મી વર્ષગાંઠ સાથે જોડાયેલું ખાસ સન્માન ગણાવી રહ્યા છે, જ્યારે વિરોધી ઓ તેને પરંપરા તોડનારું પગલું માની રહ્યા છે.

તારીખ : 29/05/2026

# બાબરા તાલુકાના ધરાઈ ગામે શ્રી બાલમુકુંદ હવેલીએ અલૌકિક મનોરથ યોજાશે



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામમાં આશરે 350 વર્ષથી બિરાજમાન પુષ્ટિયાત્રા ધામ તરીકે ઓળખાતા નિધિસ્વરૂપ નિકુંજનાયકશ્રી બાલમુકુન્દ પ્રભુના સાનિધ્યમાં આગામી આઠ જુન 2026 થી 11 જૂન 2026 સુધી ઔલોકિક ભવ્ય મનોરથ યોજાશે જેમાં તારીખ 9 જૂન 2026 મંગળવારના રોજ ઠાકોરજીને વ્રજકમલ મનોરથ તેમજ આંબા મનોરથ યોજાશે અને તારીખ 10 જૂન 2026 બુધવારના રોજ ઠાકોરજીને ભવ્ય છાક મનોરથ યોજાશે અને મનોરથનો સમય બપોરે 2:00 કલાકે રાખવામાં આવ્યો છે.આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ પ્રકારની મીઠાઈ તેમજ અનેક પ્રકારની વાનગીઓ ધરવામાં આવશે તેમ શ્રી બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ વતી વ્હાલા વૈષ્ણવોને મનોરથના દર્શન તથા ઠાકોરજીનો મહાપ્રસાદનો લ્હાવો લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

KID NEWS

# કોકરોચ જનતા પાર્ટીને દિલ્હી HCમાંથી મોટો ઝટકો

COCKROACH
= JANTA PARTY =

## X એકાઉન્ટને તાત્કાલિક રિસ્ટોર કરવાની ના પાડી; CJPએ ખખડાવ્યો હતો હાઈકોર્ટનો દરવાજો




દિલ્હી હાઈકોર્ટે આજે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના બ્લોક કરાયેલા સોંશિયચ મીડિયા હેન્ડલ 'એક્સ' એકાઉન્ટને **તાત્કાલિક રિસ્ટોર કરવાનો આદેશ** આપવાની ના પાડી હતી.

**હાઈકોર્ટે CJPની અરજી** પર સુનાવણી દરમિયાન કહ્યું કે આ પેજ પરની સામગ્રી વાંધાજનક લાગી રહી છે.

**બેન્ચે અરજીની સુનાવણી** કરતા અભિજીત દીપકને કોઈ વચગાળાની રાહત આપવાનો ઈનકાર કર્યો હતો.

બેન્ચે કહ્યું કે આ મામલે સંપૂર્ણ વિચારણા કરવાની જરૂર છે. આમાં કોઈ પણ આદેશ તમામ પક્ષોને સાંભળ્યા પછી જ આપવામાં આવશે.

### હાઈકોર્ટે કેન્દ્ર અને 'એક્સ' પાસેથી વિગતવાર સોગંદનામું માંગ્યું

અભિજીત દીપકે વતી હાજર થયેલા વકીલ અખિલ સિબ્બલે હાઈકોર્ટેને 'એક્સ' એકાઉન્ટ પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપવા વિનંતી કરી.

### દીપકને રિવ્યુ કમિટી પાસે જવાની તક આપવામાં આવી

હાઈકોર્ટે આ કેસની આગામી સુનાવણી 6 જુલાઈ સુધી મુલતવી રાખી છે.
હાઈકોર્ટે રિવ્યુ કમિટીને નિર્ણયલેવા અને આગામી સુનાવણીમાં જાણ કરવા કહ્યું છે.

### ભારતમાં શું છે સંપૂર્ણ મામલો?

- CJPના સ્થાપક અભિજીત દીપકે 'એક્સ' પરના એકાઉન્ટને બ્લોક કરવાના સામે હાઈકોર્ટેનો દરવાજો ખખડાવ્યો હતો.
- CJPએ દલીલ કરી હતી કે તેમનું એકાઉન્ટ ગેરકાયદે રીતે બ્લોક કરવામાં આવ્યું છે.

### કોકરોચ જનતા પાર્ટી શું છે?

- CJP એક વ્યંગાત્મક રાજકીય પાર્ટી છે, જે પોતાને 'ભ્રષ્ટાચાર અને ગંદકી વિરુદ્ધ લડતી' તરીકે રજૂ કરે છે.
- પક્ષ સોશિયલ મીડિયા પર સક્રિય રહી સરકારની નીતિઓ પર ટકોર કરે છે.

## હાઈકોર્ટનો નિર્ણય સ્પષ્ટ: વચગાળી રાહત નહીં, પૂર્ણ સુનાવણી બાદ જ નિર્ણય

K/D NEWS

# જસાધાર એનિમલ કેર સેન્ટરમાં

# 22 સિંહ આઈસોલેશનમાં



અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાના ગીર પૂર્વ અને ગીર પશ્ચિમ વિસ્તારમાં

## અત્યાર સુધીમાં 8 સિંહોના મોત

કુલ 22 સિંહોને **જસાધાર એનિમલ** કેર સેન્ટર ખાતે **આઈસોલેશનમાં રાખવામાં આવ્યા** છે.

સિંહોના સેમ્પલ ગાંધીનગર લેબમાં મોકલવામાં આવ્યા છે, જેના રિપોર્ટ આગામી **24 કલાકમાં** આવવાની શક્યતા છે.

ગાંધીનગર **પીસીસીએફ** સહિતના દોડી ગયા છે. **CF રામ રતન નાલા** સતત મોનિટરિંગ કરી રહ્યા છે.

## વનતારાના નિષ્ણાંતોની ટીમ જસાધાર આવશે




સિંહોના મોત અંગે સ્થિતિ ગંભીર બની CDV જેવા લક્ષણોની માહિતી કેન્દ્ર સરકાર સુધી પહોંચી અને આજે જામનગર **"વનતારા"**ના એનિમલ ડોક્ટરો અને ખાસ નિષ્ણાંતોની ટીમ મોડી રાત સુધીમાં જસાધાર એનિમલ કેર સેન્ટરમાં પહોંચશે.

**વન વિભાગની પ્રાથમિકતાઓ**

- ✓ સિંહોના આરોગ્ય પર સતત નજર રાખવી
- ✓ ચોક્સ સારવાર અને દેખરેખ સુનિશ્ચિત કરવી
- ✓ સંપૂર્ણ તપાસ પછી જ કારણોની સ્પષ્ટતા
- ✓ સહેજ શક્ય તમામ પગલાં બોકતી લેવાં

સિંહ અમારા ગૌરવ છે, તેમની સુરક્ષા **અમારી પ્રથમ જવાબદારી છે.**

તારીખ : 29/05/2026

# અમરેલી જિલ્લાના ચિતલની અર્થવીએ જામનગરમાં ડીસ્ટ્રીક્ટ પીસ્તોલ શુટીંગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો




જામનગર ખાતે યોજાયેલી 5મી જામનગર ડીસ્ટ્રીકટ શૂટિંગ સ્પર્ધા માં અમરેલી જિલ્લાના ચિત્તલ ગામની મૂળ વતની અર્થવી નાડોદા એ 10મી યુથ વુમન પિસ્તોલ શૂટિંગ કેટેગરીમાં પોતાના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન થકી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. હાલ, અર્થવી આવનારા દિવસોમાં યોજાનારી શૂટિંગ સ્પર્ધાઓ માટે સુરતના ખેલો ઈન્ડિયા દ્વારા પ્રમાણિત “ટાર્ગેટ રાઈફલશૂટિંગ એકેડમી“માંકોચ દિવ્યેશ ગેડીયાના નેતૃત્વ હેઠળ પિસ્તોલ શૂટિંગ ની તાલીમ પ્રાપ્ત કરી રહી છે.

તારીખ : 29/05/2026

# અમરેલી લોકસભા વિસ્તારમાં MPLADS ગ્રાંટના રેકોર્ડબ્રેક ૯૯.૯૦% ટકા વિકાસકામોની ભલામણ કરતા સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા

અમરેલી તા. ૨૯ મે,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી લોકસભા મતવિસ્તારના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા દ્વારા પોતાના વિસ્તારના સર્વાંગી માળખાગત વિકાસ માટે એક મહત્વની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ના સમયગાળા દરમિયાન સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (M P L A D S) અંતર્ગત લોકસભા વિસ્તારની સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અત્યાર સુધીની સૌથી ઝડપી અને રેકોર્ડબ્રેક કામગીરી નોંધાઈ છે.

આ યોજના હેઠળ સાંસદોને પોતાના મતવિસ્તારમાં સ્થાનિક જરૂરિયાતોના આધારે વિકાસલક્ષી કામોની ભલામણ કરવાની સવલત આપવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ સ્થાનિક સ્તરે જાહેર સુવિધાઓ અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.ચાલુ નાણાકીય વર્ષો (વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬) દરમિયાન સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાની સક્રિયતાના કારણે અમરેલી લોકસભા વિસ્તારમાં સરકારી ગ્રાંટનો મહત્તમ અને સમયસર ઉપયોગ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. આ બે વર્ષ દરમિયાન કુલ રૂ. ૯.૮૦ કરોડની ગ્રાંટ મળવાપાત્ર હતી, જેમાંથી તેમણે રેકોર્ડબ્રેક ૯૯.૯૦ ટકા જેટલી માતબર રકમ એટલે કે રૂ. ૯.૭૯ કરોડના વિવિધ પ્રગતિશીલ વિકાસકામોની દરખાસ્તો રજૂ કરી દીધી છે. આ અંતર્ગત સમગ્ર લોકસભા વિસ્તારમાં કુલ ૨૬૯ જેટલા નાના-મોટા લોકઉપયોગી વિકાસ કામોનો સમાવેશ થાય છે. તે પૈકી રૂ. ૯.૩૯ કરોડના ૨૬૩ વિકાસકામોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે, જે દરખાસ્ત કરેલ રકમના અંદાજે ૯૫.૯૧ ટકા જેટલા થાય છે. આ ઉપરાંત અત્યારસુધીમાં ૧૫૮ જેટલા વિકાસકાર્યો સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યા છે, જેની પાછળ અંદાજે રૂ. ૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ ખર્ચ મંજૂર થયેલી રકમના ૫૬.૬૬ ટકા જેટલો થાય છે, જ્યારે બાકીના ૧૦૫ જેટલા કામો હાલ પ્રગતિ હેઠળ છે. જે મંજૂર કામો સામે અંદાજે ૩૯.૯૨ ટકા જેટલા થાય છે. સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (M P L A D S)નો હેતુ સ્થાનિક સ્તરે જાહેર સુવિધાઓ અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

યોજના હેઠળ સાંસદશ્રી દ્વારા રસ્તા, શાળાઓ, આંગણવાડી, સમુદાય ભવન, આરોગ્ય સુવિધાઓ, પીવાના પાણીની સુવિધા,સ ્ટ્રીટલાઈટ તથા અન્ય જાહેર ઉપયોગના કામોની ભલામણ કરવામાં આવે છે. આ ભલામણોના પરિણામે વિસ્તારમાં આધારીય સુવિધાઓમાં વધારો થવા પામ્યો છે તથા સ્થાનિક નાગરિકોને સીધો લાભ મળી રહ્યો છે તેમ અમરેલી જિલ્લા આયોજન અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

તારીખ : 29/05/2026

# ટીંબી સ્વામીશ્રી નિર્દોષાનંદ હોસ્પિટલમાં પાંચ લાખની ગ્રાન્ટ ફાળવતા રાજ્ય સભાના સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ



સ્વામી શ્રી નિર્દોષાનંદજી ટીંબી માનવસેવા હોસ્પિટલ, (જી.ભાવનગર)ને ઉમરાળા તાલુકાના લીમડા ગામના વતની અને હોસ્પિટલના શુભચિંતક એવા પૂર્વ ધારાસભ્ય શ્રી અને ગુજરાત રાજ્ય કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને રાજયસભાના સાંસદસભ્ય શ્રી શક્તિસિંહજી ગોહિલ દ્વારા હોસ્પિટલની નિઃશુલ્ક આરોગ્ય સેવાથી ખૂબજ પ્રભાવિત છે અને સામે ચાલીને તેઓશ્રીએ ટ્રસ્ટીશ્રી બી. એલ. રાજપરા સાથે ફોન પર વાત કરીને હોસ્પિટલ માટે ગ્રાંટ ફાળવવા ઈચ્છા વ્યકત કરી હતી.

હોસ્પિટલની હાલની જરુરિયાત અન્ડરગ્રાઉન્ડ વોટર ટેન્કની હોવાથી તેઓ તે માટે ગ્રાંટ ફાળવવા સંમત થયા હતા અને જિલ્લા આયોજન અધિકારી શ્રી, ભાવનગરને પત્ર દ્વારા સત્વરે કાર્યવાહી હાથ ધરવા ભલામણ કરી હતી હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે શ્રી શકિતસિંહજી ગોહિલ ને હૃદયપૂર્વક નો આભાર વ્યકત કર્યો હતો.

તારીખ : 29/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 29/05/2026

# અમરેલી શહેરમાં વિવિધ પેન્શન અને સહાય યોજનાના લાભાર્થીઓ માટે ઈ-કેવાયસી (હયાતીની ખરાઈ) કરાવવું ફરજિયાત

અમરેલી તા.૨૯ મે,૨૦૨૬ (શુક્રવાર) - અમરેલી શહેરી વિસ્તારમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય, નિરાધાર વૃદ્ધ, અપંગ વૃદ્ધ સહાય તેમજ વિધવા સહાય મેળવતા તમામ અરજદારો માટે હયાતીની ખરાઈ (ઈ-કેવાયસી) કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.આ પ્રક્રિયા માટે તમામ લાભાર્થીઓએ પોતાના આધાર કાર્ડ અને મોબાઈલ ફોન સાથે 'મામલતદાર કચેરી, અમરેલી શહેર, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન, રાજમહેલ કોમ્પ્લેક્સ ખાતે રૂમ નંબર ૭, ૮ અને ૧૩ માં રૂબરૂ હાજર રહેવું ફરજિયાત છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોવાથી તમામ અરજદારોને વહેલી તકે કચેરીની મુલાકાત લેવા મામલતદાર અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS


તારીખ : 29/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કે.ડી NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 29/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"સદ્ગુણો પર પ્રેમ ન પણ જાગતો હોય તો ય આપણે પ્રેમને સદ્ગુણ બનાવી દેવાનું એક કામ ખાસ કરી લેવાની જરૂર છે.અજાણી યુવતીને 'બહેન' બનાવી લીધા પછી એના પ્રત્યે વિકાર જાગવો જેમ અશક્ય બની જાય છે તેમ પ્રેમને સદ્ગુણ બનાવી દીધા પછી અન્યની નિંદા કરવી અશક્ય બની જાય છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva

**3407**
**29/05/2026**
**Friday**

## आत्मा

'संगत वर्ष' मे आप
जिस संगत मे रहोगे
वैसे ही आपके आसपास
परिस्थिती निर्माण होने
वाली है,

बाबास्वामी
29/5/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગલગલીયા

**એક વડીલે** યુવાનોને ટકોર કરી આ વખતે આઈપીએલ ઉપર શરત નથી લાગતી મોંઘવારી છે એટલે કે દર વખતે હારી જવાય છે એટલે ...

**અમુક** અમુક તો હજી કેરી આવશે હજી સિઝન સરખી નથી ઓરીજનલ આવવાની બાકી છે એવી રાહમાં ચોમાસુ પણ નજીક આવી ગયું અને ગરમી પણ ટૂંક સમય માં જશે ...

**શિક્ષકે** વિદ્યાર્થીને પૂછ્યું તાજમહેલ બનાવતા કેટલી વાર લાગી વિદ્યાર્થીએ જવાબ આપ્યો સાહેબ આવી રમત કેમ કરો છો? બુકમાં એક લીટી બનાવતા પણ અડધી કલાક જાય છે અને તાજમહેલ મારાથી બની જાય??

કે.ડી. NEWS
તારીખ : 29/05/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 29 મે

# મહત્વની ઘટનાઓ

૧૪૫૩ – કોન્સ્ટેન્ટીનોપલનું પતન: સુલતાન મહેમદ દ્વિતીય ફાતિહની આગેવાની હેઠળની ઓટ્ટોમન સેનાએ ૫૩ દિવસની ઘેરાબંધી પછી કોન્સ્ટેન્ટીનોપલ પર કબજો કર્યો અને બાઈઝેન્ટાઈન સામ્રાજ્યનો અંત આવ્યો.

૧૬૫૮ – સમુગઢની લડાઈ: મુઘલ સમ્રાટ શાહજહાંના પુત્રો વચ્ચે મુઘલ સામ્રાજ્યના ઉત્તરાધિકાર માટેની નિર્ણાયક લડાઈ.

૧૮૦૭ – મુસ્તફા ચોથા ઓટ્ટોમન સામ્રાજ્યના સુલતાન અને ઈસ્લામના ખલીફા બન્યા.

૧૮૮૬ – ફાર્માસિસ્ટ જ્હોન પેમ્બર્ટને કોકા કોલાની પ્રથમ વિજ્ઞાપન એટલાન્ટા જર્નલમાં પ્રકાશિત કરી.

૧૯૧૯ – આલ્બર્ટ આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંતની કસોટી આર્થર એડિંગ્ટન અને એન્ડ્રુ ક્લાઉડ ડી લા ચેરોઈસ ક્રોમેલિન દ્વારા કરવામાં આવી.

૧૯૫૩ – એડમંડ હિલેરી અને શેરપા તેનઝિંગ નોર્ગેએ માઉન્ટ એવરેસ્ટ શિખર સર કર્યું.

૧૯૬૪ – પેલેસ્ટાઈનના પ્રશ્ન પર ચર્ચા કરવા માટે પૂર્વ જેરુસલેમમાં આરબ સંઘની બેઠક મળી, જેમાં પેલેસ્ટાઈન મુક્તિ સંગઠન ની રચનાની પહેલ કરવામાં આવી.

૧૯૯૯ – અવકાશ યાન 'ડિસ્કવરી'એ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક  સાથે પ્રથમ વખત જોડાણ (ડોકીંગ) કર્યું.

## જન્મ

૧૯૦૬ – ટી. એચ. વાઈટ, બ્રિટીશ ભારતમાં જન્મેલા અંગ્રેજી લેખક (અ. ૧૯૬૪)

૧૯૧૭ – જ્હોન એફ કેનેડી, અમેરિકાના ૩૫મા પ્રમુખ (અ. ૧૯૬૩)

૧૯૨૬ - ધીરુબેન પટેલ, ગુજરાતી સાહિત્યકાર

## તહેવારો અને ઉજવણીઓ

સંયુક્ત રાષ્ટ્ર શાંતિરક્ષક આંતરરાષ્ટ્રીય દિવસ

નેપાળ: ગણતંત્ર દિવસ

તારીખ : 29/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 29/05/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 29/05/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




67K

50K

28K

100K

**સંપર્ક : મો. 94997 97973**